**મે. એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ મધ્યે, કોર્ટ નં. – ૨૧, અમદાવાદ.**

**ક્રિમીનલ કેસ નં. : ૧૧૨૩/૨૦૦૧**

**આંક – ........૧૩..........**

**ફરીયાદી :–**

સરકાર

વિરૂધ્ધ

**તહોમતદારો :–**

રાજેશકુમાર ઉર્ફે રાકેશ સ/ઓ મહાવીર ઘાંચી + 7.

**–:: કમીટલ હુકમ ::–**

(૧) આ કામેના કેસની હકીકતો મુજબ આ કામના તહોમતદાર વિરૂધ્ધ **સાબરમતી રેલ્વે પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.રજી. નં. ૧૮/૨૦૦૧ થી ઈ. પી. કો. કલમ – ૩૯૫ વિ.** મુજબના ગુનાનું હાલનું ચાર્જશીટ અદાલત સમક્ષ રજૂ રાખવામાં આવેલ છે. આ કામે તહોમતદાર વિરૂધ્ધ દાખલ થયેલ ચાર્જશીટમાં દર્શાવેલ ગુનાની હકીકતો ઘ્યાને લેતા આ કામના તહોમતદાર વિરૂધ્ધનો હાલનો કેસ ચલાવવા આ અદાલતને સત્તા મળતી હોવાની હકીકતો ફલિત થતી નથી.

(૨) આ કામે રેકર્ડની હકીકતો ઘ્યાને લેતાં આ કામે લાંબા સમયથી આરોપીની ગેરહાજરીને કરણે આગળ ચાલી શકતું નથી. આ કામે રેકર્ડની હકીકતો ઘ્યાને લેતાં મારા પૂરોગામીશ્રી તરફથી આ કામ ડોરમેન્ટ રજીસ્ટરે દાખલ કરવાનો હુકમ કરવામાં આવેલો. આ કામ ડોરમેન્ટ રજીસ્ટરે દાખલ થયા બાદ આ કામના તહોમતદારને અવાર – નવાર પ્રોસેસ કરવામાં આવેલા, પરંતુ આ પ્રોસેસ તહોમતદાર મળી આવતાં ન હોય તેમજ સ્થાનિકે રહેતાં ન હોવાના શેરા સાથે પ્રોસેસ પરત આવેલ છે. આમ, ડોરમેન્ટ રજીસ્ટરે કેસ દાખલ કર્યા બાદ પણ લાંબા સમયથી આ કામના તહોમતદાર મળી આવતાં ન હોય તેવી હકીકતો રેકર્ડ આધારીત ફલીત થઈ રહી છે.

(૩) આ કામ ખુબ જ જૂનુ હોય નામદાર મહેરબાન ગુજરાતની વડી અદાલત તરફથી આ કામ ઝડપથી ફેંસલ કરવા માટે વિડીયો કોન્ફરન્સમાં સુચના આપવામાં આવેલ હોવાની હકીકતો રહેલ છે. આ કામના તહોમતદારના પ્રોસેસ બજવણી થઈ શકતી ન હોવાની હકીકતોએ આ તહોમતદાર વિરૂધ્ધના પ્રોસેસ બજવણી અર્થે નામદાર ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રી મારફતે **સાબરમતી રેલ્વે** નોડલ ઓફીસર મારફતે મોકલવામાં આવેલ હતા. આ કામે પરત આવેલ પ્રોસેસ પર કરવામાં આવેલ શેરાની હકીકતો ધ્યાને લેતા આ તહોમતદારો મળી આવતા ન હોવાની હકીકતો જણાઈ આવે છે. આ કામના તહોમતદાર મળી આવતા ન હોવાના કારણોસર આ કામ કમીટ થયા વગર આ અદાલતમાં જેમની તેમ સ્થિતિમાં લાંબા સમયથી પડી રહેલ હોવાની હકીકતો જણાઈ આવે છે.

(૪) તાજેતરમાં તા.૦૪/૦૬/૨૨ તથા તા.૧૭/૦૬/૨૨ ના રોજ નામ.મહે.ચીફ જસ્ટીસ સાહેબશ્રી સાથે થયેલી વિડિયો કોન્ફરન્સમાં નામ.મહે.ચીફ જસ્ટીસ સાહેબશ્રી તરફથી ગુજરાતના તમામ જ્યુડીશિયલ ઓફીસરોને જુના કેસોના નિકાલ કરવા સંબંધે આપેલ માર્ગદર્શન તેમજ કરવામાં આવેલી ચર્ચાઓને ધ્યાને લેતાં જો તહોમતદારો લાંબા સમયથી મળી આવતાં ન હોય તો આવા કેસો પૈકી જે કેસો અદાલતે પોતે ચલાવવાના થાય તેવા કેસો સી.આર.પી.સી. કલમ – ૨૯૯ તળે હુકમ કરી અદાલતે ચલાવવા જે કેસો સેશન્સ ટ્રાયેબલ છે અને આ અદાલતની હકુમતમાં ચાલી શકે તેમ નથી તેવા કેસોને સેશન્સ કમીટ કરવા તેવી આપવામા આવેલી સૂચનાઓને ધ્યાને લેતાં**,** તેમજ ગગન ઠાકુર વિ. સ્ટેટ ઓફ ઝારખંડ ૨૦૦૪ ક્રિમીનલ લો જનરલ ૧૯૧૦ ના કામે પેરા – ૮ તથા ૯ માં નામદાર મહેરબાન ઝારખંડની વડી અદાલતે ઠરાવેલ છે કે**,**

8. If all the accused are absconding, the committing Magistrate can record the evidence in their absence under Section 299, Cr PC, but if one accused has been committed, then the evidence against him will be recorded by the competent trial Court at the same time against the remaining absconding accused, otherwise, the same set of witnesses has to appear at two forums to their harassment, and has to appear again if not covered by provisions of Section 299, Cr PC.
9. Absconding accused cannot be given premium to frustrate the justice or to misuse the process of law by treating them at par with those accused who have shown respect for legal processes and

have appeared and have not evaded their arrest.

તેમજ પેરા – ૧૨ માં નામદાર મહેરબાન ઝારખંડની વડી અદાલતે ઠરાવેલ છે કે,

12. The Full Bench of Patna High Court reported in1985 Cr LJ 1238 (Pat), was discussing the provision of Section 319, Cr PC and found that the accused who were suspended on evidence could be summoned and sessions Court took cognizance, but the Full Bench relied upon a decision rendered in the case of Joginder Singh v. State of Punjab, reported in 1979 Cr LJ 33, and quoted as under:--

"It will be noticed that both under Section 193 and Section 209, the commitment is of 'the case' and not of 'the accused".

Thus, it is the case which is committed and not the accused. Once the case has been committed, the absconding accused have to appear or brought before the sessions Court and the Sessions Judge is competent to remand him. The learned sessions Court should have proceeded against such accused as per the provisions for sessions trial, he erred in remanding back the case to committing Court and thus delayed the trial.

નામદાર મહેરબાન વડી અદાલતે ઠરાવેલ ઉપરોકત માર્ગદર્શક સીધ્ધાંતો ઘ્યાને લેતા તહોમતદારની ગેરહાજરીમાં પણ અદાલતને કેસ કમીટ કરવા માટે સત્તા મળતી હોવાનું ફલિત થાય છે. અદાલત કેસ કમીટ કરે છે તહોમતદાર કમીટ કરતી નથી તેવું ઠરાવેલ હોવાનું ફલિત થાય છે. આ હકીકતો સાથે નામદાર મહેરબાન સર્વોચ્ચ અદાલતે એ. આઈ. આર. ૧૯૭૯ સુ. કો. ૩૩૯ જોગીન્દરસીંગ અને બીજા વિ. સ્ટેટ ઓફ પંજાબ અને બીજાના ચુકાદામાં ઠરાવેલ માર્ગદર્શક સીધ્ધાંતો ઘ્યાને લેવામાં આવે તો .....

It will be noticed that both under s. 193 and s. 209 the commitment is of 'the case' and not of 'the accused' whereas under the equivalent provision of the old Code viz. s. 193(1) and s. 307A it was the accused who was committed and not 'the case'. It is true that there cannot be a committal of the case without there being an accused person before the Court, but this only means that before a case in respect of an offence is committed there must be some accused suspected to be involved in the crime

before the Court but once the case in respect of the offence qua those accused who are before the Court is committed then the cognizance of the offence can be said to have been taken properly by the Sessions Court and the bar of s. 193 would be out of the way and summoning of additional persons who appear to be involved in the crime from the evidence led during the trial and directing them to stand their trial along with those who had already been committed must be regarded as incidental to such cognizance and a part of the normal process that follows it; otherwise the conferal of the power under s. 319(1) upon the Sessions Court would be rendered nugatory. Further section 319(4)(b) enacts a deeming provision in that behalf dispensing with the formal committal order against the newly added accused. Under that provision it is provided that where the Court proceeds against any person under sub-s.(1) then the case may proceed as if such person had been an accused person when the Court took cognizance of the offence upon which the inquiry or trial was commenced; in other words, such person must be deemed to be an accused at the time of commitment because it is at that point of time the Sessions Court in law takes cognizance of the offence.

In the above context it will be useful to refer to a decision of this Court in Raghubans Dubey v. State of Bihar(1) where this Court has (1) AIR 1967 SC 1167.

explained what is meant by taking cognizance of an offence. The appellant was one of the 15 persons mentioned as the assailants in the First Information Report. During the investigation the police accepted the appellant's plea of alibi and filed a charge-sheet against the others for offences under ss. 302, 201 and 149 I.P.C., before the Sub- Divisional Magistrate. The Sub-Divisional Magistrate recorded that the appellant was discharged and transferred the case for inquiry to another Magistrate, who, after examining two witnesses, ordered the issue of a non bailable warrant against the appellant, for proceeding against him along with the other accused under s. 207A of the old Code. The order was confirmed by the Sessions Court and the High Court and in further appeal to this Court it was held first, that there could be no discharge of the appellant as he was not included in the charge-sheet submitted before the Magistrate by the police and, second, that the appellant could be proceeded against along with other accused under s. 207A Cr. P.C. and this Court

confirmed the order of the Magistrate. One of the contentions urged before this Court was that the Magistrate had taken cognizance of the offence so far as the other accused were concerned but not as regards the appellant and with regard to this contention (Sikri J. as he then was) observed as follows:

"In our opinion, once cognizance has been taken by the Magistrate, he takes cognizance of an offence and not the offenders; once he takes cognizance of an offence it is his duty to find out who the offenders really are and once he comes to the conclusion that apart from the persons sent up by the police some other persons are involved, it is his duty to proceed against those persons. The summoning of the additional accused is part of the proceeding initiated by his taking cognizance of an offence. As pointed out by this Court in Pravin Chandra Mody v. State of Andhra Pradesh(1) the term "complaint" would include allegations made against persons unknown. If a Magistrate takes cognizance under s. l90(1)(a) on the basis of a complaint of facts he would take cognizance and a proceeding would be instituted even though . persons who had committed the offence were not known at that time. The same position prevails, in our view, under s. 190(1)(b)."

It will thus appear clear that under section 193read with s. 209 of the Code when a case is committed to the Court of Sessions in respect of an offence the Court of Sessions takes cognizance of the offence and not of the accused and once the Sessions Court is properly seized of the case as a result of the committal order against some accused the power under s. 319(1) can come into play and such Court can add any person, not an accused before it, as an accused and direct him to be tried along with the other accused for the offence which such added accused appears to have committed from the evidence recorded at the trial. Looking at the provision from this angle there would be no question of reading s. 319(1) subject or subordinate to s. 193.

આ ઉપરાંત ઈસરાઈલ રાય અને બીજા વિ. સ્ટેટ ઓફ બિહાર ૧૯૯૪(૩) ક્રાઈમ્સ (એચ.સી) પ૩પ ના ચુકાદામાં નામદાર બીહાર હાઈકોર્ટે તેમજ શીબુ શોરેન વિ. ધી સ્ટેટ ઓફ ઝારખંડના ચુકાદામાં ઠરાવવામાં આવેલ સીધ્ધાંતો મુજબ જયારે કોઈ કેસ ચલાવવાની સત્તા આ અદાલતને રહેતી ન હોય અને માત્ર નામદાર મહેરબાન સસેશન્સ અદાલતને જ કેસ ચલાવવાની સત્તા મળતી હોય ત્યારે

આવો કેસ કમીટ કરવાનો રહેતો હોય તેવી કાયદાની સ્થિતિ રહેલ છે. તે તમામ હકીકતો તથા કાયદાની સ્થિતિ ધ્યાને લેતા આ કેસ નામદાર મહેરબાન સેશન્સ અદાલત તરફ ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ – ૨૦૯ મુજબ આગળની કાર્યવાહીઓ થવા માટે હાલના તબકકે મોકલી આપવાનું ન્યાયોચીત જણાઈ આવતુ હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: આ ખ રી હુ ક મ : -**

ક્રિ.પ્રો.કો. ની કલમ – ૨૦૯ અન્વયે આ કામના તહોમતદાર વિરૂધ્ધનો હાલનો કેસ **સાબરમતી રેલ્વે પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.રજી. નં. ૧૮/૨૦૦૧ થી ઈ. પી. કો. કલમ – ૩૯૫ વિ.** મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી થવાારૂં સદરહું કેસ નામદાર સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ ખાતે કમીટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદરહું કેસનું તમામ રેકર્ડ તથા મુદ્દામાલ ઉપરોકત નામ.સીટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટમાં મોકલી આપવા.

સદર હુકમની જાણ પબ્લીક પ્રોસીકયુટરશ્રીને કરવી.

હુકમ આજ તા. ૧૨ મી, માહે – ડીસેમ્બર, સને – ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

**તા. ૧૨/૧૨/૨૦૨૨.**
**સ્થળ:-અમદાવાદ.**

**(પરેશગીરી નટવરગર ગોસ્વામી)**
**એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,**
**કોર્ટ નં.૨૧, અમદાવાદ.**
**કોડ નં – જીજે – ૦૧૦૩૭**

#VBVALA#